PGVCL પશ્ચિમ ગુજરાત વિજ કંપની લિમિટેડ PGVCL

ગ્રાહક તકરાર નિવારણ કેન્દ્ર

રજી. અને કોર્પોરેટ ઓફિસ, લક્ષ્મીનગર, નાના મવા રોડ, રાજકોટ ફોન નં. (૦૨૮૧) ૨૩૮૦૪૨૫ - ૨૩૮૦૪૨૭, ફેક્સ નં. (૦૨૮૧) ૨૩૮૦૪૨૮

CIN:U40102GJ2003SGC042908 website : www.pgvcl.com ઈ–મેઈલ :– forum.pgvcl@gebmail.com

પીજીવીસીએલ/સીજીઆરએફ/૪૮/ક્વા–૦૪/૧૭–૧૮/ 4763 (1) તા. 29-5-18

રજી. એ.ડી પત્ર

પ્રતિ,
કિશોરભાઈ ગોરધનભાઈ રાઠોડ,
ગામ: ખડીયા
તા.જુનાગઢ
જી. જુનાગઢ
મો: ૯૯૨૫૭ ૨૮૯૨૯

**વિષય :–ખેતીવાડી જોડાણ મા નામ બદલી બાબત**

**સંદર્ભ:– આપની અરજી , તા. ૨૭–૦૨–૧૮ (અત્રે ના ફોરમ ની નોધણી નંબર :૪૮/ક્વા–૦૪/૧૭–૧૮ )**

શ્રીમાન,

આપની ઉપરોક્ત વિષય અને સંદર્ભ મુજબની અરજી અન્વયે, અત્રેના ગ્રાહક તકરાર નિવારણ કેન્દ્ર ની ફોરમ કમીટી તરફથી કરાયેલ નિર્ણય આ સાથે આપને મોકલવામાં આવે છે.

જે આપને સુવિદીત થાય. આભાર સહ.,

આપનો વિશ્વાસુ

(સી.જે.ગજેરા)
કા.વા. કન્વીનર
ગ્રાહક તકરાર નિવારણ કેન્દ્ર, રાજકોટ.

બિડાણ : નિર્ણયપત્ર (પાના નં. ....)

નકલ રવાના :
(૧) અધિક્ષક ઈજનેર શ્રી, પીજીવીસીએલ, વર્તુળ કચેરી , જુનાગઢ
(૨) કાર્યપાલક ઈજનેર શ્રી, પીજીવીસીએલ, ગ્રામ્ય વિભાગીય કચેરી નં ૧ જુનાગઢ
(૩) નાયબ ઈજનેર શ્રી, પીજીવીસીએલ, પેટા વીભાગીય કચેરી,બીલખા

...સદર નિર્ણયપત્રની નકલ આપને આ સાથે મોકલવામાં આવે છે. જેની તમામ વિગતો અભ્યાસે લઈ અને નિર્ણયપત્રમાં દર્શાવેલ બાબતોની તાકીદે અમલવારી કરી અને તેનો લેખિત પ્રત્યુતરપત્ર અરજદારશ્રી તેમજ અત્રેના ફોરમને પાઠવવાનું આપને ભારપૂર્વક જણાવવામાં આવે છે.

# ગ્રાહક તકરાર નિવારણ કેન્દ્ર(રાજકોટ ફોરમ)

**પીજીવીસીએલ, રજી. અને કોર્પોરેટ કચેરી,લક્ષ્મીનગર નાનામૌવા રોડ, રાજકોટ**

**CIN:U40102GJ2003SGC042908 website : www.pgvcl.com**

**કેસ નં. : સીજીઆરએફ : ૪૮/ક્વા–૦૪/૧૭–૧૮ કમિટી મીટીગ: તા. ૧૫–૦૫–૧૮ સ્થળ : જુનાગઢ**

**પક્ષકાર નં.:–(૧) અરજદાર (ફરીયાદી)**

**અરજદાર (ફરીયાદી): નામ: કિશોરભાઈ ગોરધનભાઈ રાઠોડ, ગામ: ખડીયા**

**રજુઆત કરનાર: અરજદાર શ્રી કિશોરભાઈ ગોરધનભાઈ રાઠોડ હાજર રહેલ હતા.**

**વિરૂધ્ધ**

**પક્ષકાર નં.: –(૨) પીજીવીસીએલ (સામેવાળા) :**

**પીજીવીસીએલ (કચેરી) : પેટા વીભાગીય કચેરી,બીલખા (કાર્યક્ષેત્ર : ગ્રામ્ય વિભાગીય કચેરી નં ૧ જુનાગઢ)**

**રજુઆત કરનાર :એલ.કે.પરમાર – કાર્યપાલક ઈજનેર ગ્રામ્ય વિભાગીય કચેરી નં ૧ જુનાગઢ**

## : હુકમ :

**ફરીયાદ : ખેતીવાડી જોડાણ મા નામ બદલી બાબત**

**મુદદા નં.–૧ : પક્ષકાર નં. –(૧) અરજદાર (ફરીયાદી) ની રજુઆત**

| | |
|---|---|
| ૧ | અરજદાર શ્રી તરફથી ફોરમ સમક્ષ ની ફરીયાદ અરજી મા, તેમજ ફોરમ કમિટી સમક્ષ રૂબરૂ ઉપસ્થિત રહી અને મૌખીક ચર્ચા ઓ દરમ્યાન, ફરીયાદ સબંધક એવી જરૂરી માહિતી રજુ કરીને, નીચે વર્ણવેલ મુદદાઓ મુજબ ની વિગતે, વગેરે તમામ બાબતો ફોરમ કમિટી સમક્ષ રજુ થયેલ છે. |
| ૧.૧ | અરજદાર જણાવે છે કે, તેઓ જુનાગઢ જીલ્લાના ગામ:ખડીયા ના રહેવાસી છે, તેઓની માલીકી ની ખેતીવાડી ની – જમીન મા તેઓના દાદા શ્રી માવા નાનજી ના નામથી ખેતીવાડી વીજજોડાણ નં.: ૩૬૦૧૯/૦૦૬૪૫/૦ થી ૦૫ હોપાનુ ધરાવે છે. આ જોડાણ ને તેઓના નામે નામ બદલી કરવા માટે – તેઓએ તા.૨૧–૧૧–૧૭ ના રોજ થી – બીલખા પેટા વિભાગીય કચેરી મા રૂ.૩૦૦/– ભરપાઈ કરી અને નામ બદલી બાબતે ની અરજી આપેલ હતી, જે નામ બદલી થયા બાદ – તેઓને વીજભાર વધારા ની જરૂરીયાત હોય – આજદિન સુધી – નામ બદલી બાબતે ની કોઈ કાર્યવાહી કરાયેલ નથી, આમ – અરજદારે અત્રેના ફોરમ સમક્ષ ન્યાયિક રજુઆત કરેલ છે. |

**મુદદા નં.–૨ : પક્ષકાર નં. –(૨) પીજીવીસીએલ (સામેવાળા) ની રજુઆત**

| | |
|---|---|
| ૨ | પીજીવીસીએલ પક્ષકાર તરફથી ફોરમ કમિટી સમક્ષ, નીચે વર્ણવેલ વિગત મુજબ ની વિગતો, તેમજ લેખીત અહેવાલ, તેમજ મૌખીક ચર્ચા , અને ફરીયાદ સબંધક તમામ દસ્તાવેજીક પેપર્સ, તેમજ અભિપ્રાય સાથે નો ખાસ અહેવાલ, વગેરે તમામ બાબતો ફોરમ કમિટી સમક્ષ રજુ થયેલ છે. |
| ૨.૧ | અરજદાર ની મુદદા નં. ૧.૧ મુજબ ની વિગતે, પીજીવીસીએલ પક્ષકાર તરફથી જણાવાયેલ કે, અરજદાર ની રજુઆત અન્વયે – પીજીવીસીએલ કચેરીના રેકર્ડ મુજબ – ખેતીવાડી વીજજોડાણ નં.: ૩૬૦૧૯/૦૦૬૪૫/૦ – સર્વે નંબર: ૫૫, જે હાલ ના નવા સર્વે નંબર: ૧૯૨ મા અપાયેલ છે. તેમજ અરજદાર ની સદર વીજજોડાણ મા નામ બદલી કરવા સર્વે નંબર:૮૨ /૧ પૈકી ૧ ના દસ્તાવેજીક પેપર્સ રજુ કરતા – જે અનુસંધાને – તા.૧૬–૦૪–૧૮ ના રોજ તલાટી મંત્રી શ્રી – સરપંચ શ્રી ની હાજરીમા સદર વીજ જોડાણ નુ સ્થળ રોજકામ કરેલ, તે મુજબ – સદર વીજજોડાણ સર્વે નંબર: ૮૨ / પૈકી મા ઉભુ છે, તેવુ પ્રસ્થાપિત થયેલ. આમ, જે તે સમયે અરજદાર ની અરજી મુજબ – સદર વીજજોડાણ સર્વે નંબર: ૫૫ કે જે હાલ ના નવા સર્વે નંબર: ૧૯૨ મા ઉભુ થવુ જોઈતુ હતુ. |
| ૨.૨ | ફોરમ કમિટી મીટીગ: તા. ૧૫–૦૫–૧૮ મા ઉપરોકત સદર બાબતે – રજુઆત અન્વયે – વિભાગીય કચેરી ના પત્ર તા.૧૭–૦૫–૧૮ મુજબ – અરજદાર દ્વારા તા.૧૬–૦૫–૧૮ ના રોજ રૂ.૧૦૦/– ના નોટરાઈઝ સ્ટેમ્પપેપર એકરારનામુ રજુ કરેલ છે –તે મુજબ સદર વીજજોડાણ બાબતે – જે તે સમયે તેના વડીલો દ્વારા જગ્યા બતાવવામા ભુલ થઈ ગઈ હશે. તેમજ ભવિષ્ય મા – આ બાબતે મારા કે મારા કુટુંબીજનો દ્વારા કોઈ વાંધો કે તકરાર લેવામા આવશે – તો તે અંગે મારી જવાબદારી રહેશે. જે પરથી ફલીત થાય છે કે – સદર વીજજોડાણ સર્વે નંબર: ૮૨ પૈકી મા ઉભુ છે. |

**મુદદા નં.–૩ :**

**: નિષ્કર્ષ :**

| | |
|---|---|
| ૩ | ફરીયાદી અરજદાર શ્રી ની, ફોરમ સમક્ષ ની મુદદા નં. ૧ હેઠળ ની વિગતે ની ફરીયાદ અરજી, તેમજ મૌખીક ચર્ચાઓ અને પીજીવીસીએલ પક્ષકાર તરફથી ફોરમ કમિટી સમક્ષ રજુ થયેલ મુદદા નં.૨ હેઠળ ની વિગતો, તેમજ લેખીત અહેવાલ, તેમજ ફરીયાદ સબંધક તમામ દસ્તાવેજીક પેપર્સ, તેમજ અભિપ્રાય સાથે નો ખાસ અહેવાલ વગેરે, બન્ને પક્ષકારો ની તમામ બાબતો, ફોરમ કમિટી તરફથી ઉંડાણપૂર્વક અભ્યાસે લેતા, સદર કેઈસ મા, ફોરમ કમિટી તરફથી નીચે મુજબ ની વિગતે નિષ્કર્ષ થયેલ છે. |

| | |
|---|---|
| **3.1** | અરજદાર ની મુદદા નં. ૧.૧ મુજબ ની વિગતે ની અરજી ના અનુસંધાને – પીજીવીસીએલ પક્ષકાર તરફથી ફોરમ કમિટી સમક્ષ રજુ થયેલ મુદદા ન. ૨.૧ મુજબ ની વિગતે, અરજદાર દ્વારા – તેઓ જુનાગઢ જીલ્લાના ગામ:ખડીયા ના રહેવાસી છે, તેઓની માલીકી ની ખેતીવાડી ની – જમીન મા તેઓના દાદા શ્રી માવા નાનજી ના નામથી ખેતીવાડી વીજજોડાણ નં.: ૩૬૦૧૯/૦૦૬૪૫/૦ થી ૦૫ હોપાનુ ધરાવે છે. અરજદાર ની ફરીયાદ ના અનુસંધાને પીજીવીસીએલ ના રેકર્ડ મુજબ – સર્વે નંબર: ૫૫, જે હાલ ના નવા સર્વે નંબર: ૧૯૨ મા અપાયેલ છે. પરંતુ, તા.૧૬–૦૪–૧૮ ના રોજ તલાટી મંત્રી શ્રી – સરપંચ શ્રી ની હાજરીમા સદર વીજ જોડાણ નુ સ્થળ રોજકામ કરેલ, તે મુજબ – સદર વીજજોડાણ સર્વે નંબર: ૮૨ / પૈકી મા ઉભુ છે. |
| **3.2** | તા. ૧૫–૦૫–૧૮ ફોરમ કમિટી ની મીટીગ મા –થયેલ રજુઆત અન્વયે મા ઉપરોકત સદર બાબતે – વિભાગીય કચેરી ના પત્ર તા.૧૭–૦૫–૧૮ મુજબ – અરજદાર દ્વારા તા.૧૬–૦૫–૧૮ ના રોજ રૂ.૧૦૦/– ના નોટરાઈઝ સ્ટેમ્પપેપર એકરારનામુ રજુ કરેલ છે –તે મુજબ સદર વીજજોડાણ બાબતે – જે તે સમયે તેના વડીલો દ્વારા જગ્યા બતાવવામા ભુલ થઈ ગઈ હશે. તેમજ ભવિષ્ય મા – આ બાબતે મારા કે મારા કુટુંબીજનો દ્વારા કોઈ વાંધો કે તકરાર લેવામા આવશે – તો તે અંગે ની સંપુર્ણ જવાબદારી અરજદારે સ્વીકારેલ છે. |
| **3.3** | ઉપરોકત મુદદા નં: ૩.૧ અને નં. ૩.૨ સદર કેઈસ મા, મુજબ પીજીવીસીએલ કક્ષાએથી જે તે સમયે અરજદાર ની અરજી મુજબ – ખેતીવાડી વીજજોડાણ આપવાની કાર્યવાહી કરાયેલ ન હોય – જે અનુસંધાને – ભવિષ્ય મા કોઈ કાયદાકીય પ્રશ્ન ઉભો ન થાય તે હેતુ થી સીધીલીટી ના વારસદારો પૈકી કોઈ એક વારસદાર ને વીજજોડાણ ને હકકદાર રહેશે. તે મુજબ – મુળ ગ્રાહક માવા નાનજી નો વારસાઈ આંબો – અને તે વારસાઈ આંબામા દર્શાવ્યા મુજબના – સીધીલીટી ના વારસદારો ના – નોટરાઈઝ સ્ટેમ્પપેપર ના લેખીત સંમંતીપત્રકો રજુ કર્યેથી અરજદાર ની મુદદા નં. ૧.૧ મુજબ ની વિગતેની **ફકત નામ બદલી ની અરજી માન્ય** રાખવા યોગ્ય રહેશે. તે મુજબ – પીજીવીસીએલ કક્ષાએથી યોગ્ય નિયમાધીન કાર્યવાહી કરવાનો – પીજીવીસીએલ પક્ષકાર ને આદેશ આપવા બાબતે નો – સદર કેઈસ મા, ફોરમ કમિટી દ્વારા નિષ્કર્ષ થયેલ છે. |

**મુદદા નં.–૪ :**

**હુકમ**

| | |
|---|---|
| **૪.૧** | સદર કેઈસ મા ફોરમ કમિટી તરફથી થયેલ નિષ્કર્ષ ના મુદદા નં. ૩.૩ મુજબ ની વિગતે ની જાણકારી બન્ને પક્ષકારો ને આપવામા આવે છે. |

(શ્રીમતી કે.જે.મોટાણી )
સ્વતંત્ર સભ્ય
ગ્રાહક તકરાર નિવારણ કેન્દ્ર, રાજકોટ

ગેરહાજર
(એન.ડી.ધામેલીયા)
સભ્ય (ટેક)
ગ્રાહક તકરાર નિવારણ કેન્દ્ર, રાજકોટ

(ટી.બી.ભીમાણી)
ચેરમેન
ગ્રાહક તકરાર નિવારણ કેન્દ્ર, રાજકોટ

<u>નોંધ</u> જો સદર નિણય સાથે આપ સંમંત ન હોય તો, આપ શ્રી તરફથી સદર નિર્ણય સામે, નિર્ણયપત્ર મળ્યા પછીનાં ૩૦ દિવસની અંદર, ''નામદાર ઓમ્બુડસમેન (વિધુત લોકપાલ), ગુજરાત વીજ નિયંત્રક આયોગની કચેરી, બ્લોક નં. ૩, પોલિટેકનીક કંપાઉન્ડ, આંબાવાડી, અમદાવાદ–૩૮૦ ૦૧૫'' સમક્ષ લેખિત અપીલ અરજી કરી શકાય છે. અપીલ અરજી જો નાણાંકીય બાબત સબંધક હોય તો, સદર રકમા ૩૩% રકમ પીજીવીસીએલમાં વાંધા સાથે ભરપાઇ કરાયેલ હોવાનો ઉલ્લેખ અપીલ અરજીમાં થવો જરૂરી છે.